પ્રાથમિક શાળાઓમાં મુખ્ય શિક્ષક (Head Teacher) માટેની અભિયોગ્યતા કસોટી માટેના નિયમો બનાવવા બાબત

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક : પીઆરઈ/ ૧૧૧૧ /૨૮૩૪/ક
સચિવાલય, ગાંધીનગર
તા. ૨૨/ ૦૩ /૨૦૧૭

વંચાણે લીધાઃ-

(૧) શિક્ષણ વિભાગનું તારીખ ૧૮/૦૧/૨૦૧૨નું જાહેરનામુ ક્રમાંકઃ પીઆરઇ/૧૧૧૧/ સીંગલ ફાઇલ-૩/ક

(૨) શિક્ષણ વિભાગનો તારીખ ૧૮/૦૧/૨૦૧૨નો ઠરાવ ક્રમાંકઃ પીઆરઇ/૧૧૧૧/૨૮૩૪/ક

(૩) શિક્ષણ વિભાગનો તારીખ ૧૬/૦૫/૨૦૧૨નો ઠરાવ ક્રમાંકઃ પીઆરઇ/૧૧૧૧/સીંગલ ફાઇલ-૩/ક

(૪) શિક્ષણ વિભાગનો તારીખ ૨૦/૦૬/૨૦૧૩નો ઠરાવ ક્રમાંકઃ પીઆરઇ/૧૧૧૧/૨૮૩૪/ક

(૫) શિક્ષણ વિભાગનું તારીખ ૨૨/૦૯/૨૦૧૬નું જાહેરનામુ ક્રમાંકઃ- જીએચ/એસએચ/૫૦/ પીઆરઇ/૧૧૧૫/એસઆઇ/એફ/૧૧/કે

(૬) શિક્ષણ વિભાગનું તારીખ ૧૮/૦૩/૨૦૧૭નું જાહેરનામુ ક્રમાંકઃ- જીએચ/એસએચ/૧૧/ પીઆરઇ/૧૧૧૫/એસઆઇ/એફ/૧૧/કે

(૭) નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરીનો તારીખ ૦૯/૦૧/૨૦૧૭નો પત્ર ક્રમાંકઃ પ્રાશિનિ/નીતિ/૨૦૧૭/ક/૨૪૫

આમુખઃ-

વંચાણે લીધેલા ક્રમઃ (૧) ઉપરના શિક્ષણ વિભાગના તારીખ ૧૮/૦૧/૨૦૧૨ના જાહેરનામા ક્રમાંકઃ પીઆરઇ/૧૧૧૧/સીંગલફાઇલ-૩/કથી મુખ્ય શિક્ષકની જગ્યા માટેના ભરતી નિયમો મંજુર થયા હતા તેને ધ્યાને લઇ વંચાણે લીધેલા ક્રમઃ (૨) ઉપરના શિક્ષણ વિભાગના તારીખ ૧૮/૦૧/૨૦૧૨ના ઠરાવ ક્રમાંકઃ પીઆરઇ/૧૧૧૧/૨૮૩૪/કથી પ્રાથમિક શાળાઓમાં મુખ્ય શિક્ષક (Head Teacher) માટેની અભિયોગ્યતા કસોટી માટે નિયમો બનાવવામાં આવેલ હતા પરંતુ વંચાણે લીધેલ ક્રમાંકઃ (૫) ઉપરના શિક્ષણ વિભાગના તારીખ ૨૨/૦૯/૨૦૧૬ના જાહેરનામા ક્રમાંકઃ જીએચ/એસએચ/૫૦/પીઆરઇ/૧૧૧૫/એસઆઇ/એફ/૧૧/કેથી અગાઉના બધા જ નિયમો રદ કરીને, નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, જીલ્લા પ્રાથમિક શિક્ષણ સમિતિઓ અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિઓમાં મુખ્ય શિક્ષક (વર્ગ-૩)ની જગ્યાએ સીધી ભરતી/બઢતીથી નિમણૂંક મેળવવા નિયમો Head Teacher, Class-III, in Directorate of Primary Education, District Primary Education committees and Municipal Primary Education Committee Recruitment Rules, 2016 બનાવવામાં આવ્યા છે.

ઠરાવઃ

૧. વંચાણે લીધેલ ક્રમાંકઃ (૫) ઉપરના શિક્ષણ વિભાગના તારીખ ૨૨/૦૯/૨૦૧૬ના જાહેરનામા ક્રમાંકઃ જીએચ/ એસએચ/ ૫૦/પીઆરઇ/ ૧૧૧૫/ એસઆઇ/ એફ/૧૧-કેથી અગાઉના બધા જ નિયમો રદ કરવામાં આવેલ હોવાથી, શિક્ષણ વિભાગનું તારીખ ૧૮/૦૧/૨૦૧૨નું જાહેરનામુ ક્રમાંકઃ પીઆરઇ/૧૧૧૧/સીંગલફાઇલ-૩/ક પણ રદ થયેલ હોઇ, શિક્ષણ વિભાગના તારીખ ૧૮/૦૧/૨૦૧૨ના ઠરાવ ક્રમાંકઃ પીઆરઇ/ ૧૧૧૧/ ૨૮૩૪/ક અને શિક્ષણ વિભાગના તારીખ ૨૦/૦૬/૨૦૧૩ના ઠરાવ ક્રમાંકઃ પીઆરઇ/ ૧૧૧૧/ ૨૮૩૪/કનું અસ્તિત્વ રહેતું ન હોઇ, આમુખના ક્રમાંકઃ (૭) ઉપરના નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરીના તારીખ ૦૯/૦૧/૨૦૧૭ના પત્ર ક્રમાંકઃ પ્રાશિનિ/નીતિ/૨૦૧૭/ક/૨૪૫થી કરવામાં આવેલ દરખાસ્ત ઉપર પુખ્ત વિચારણા કરીને, શિક્ષણ વિભાગનો તારીખ ૧૮/૦૧/૨૦૧૨નો ઠરાવ ક્રમાંકઃ પીઆરઇ/૧૧૧૧/૨૮૩૪/ક અને તારીખ ૨૦/૦૬/૨૦૧૩નો ઠરાવ ક્રમાંકઃ પીઆરઇ/૧૧૧૧/૨૮૩૪/ક આથી રદ કરવામાં આવે છે.

૨. વંચાણે લીધેલ ક્રમાંકઃ (૫) ઉપરના શિક્ષણ વિભાગના તારીખ ૨૨/૦૯/૨૦૧૬ના જાહેરનામા ક્રમાંકઃ જીએચ/એસએચ/૫૦/પીઆરઇ/૧૧૧૫/એસઆઇ/એફ/૧૧-કેથી અગાઉના બધા જ નિયમો રદ કરીને, નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, જીલ્લા પ્રાથમિક શિક્ષણ સમિતિઓ અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિઓમાં મુખ્ય શિક્ષક (વર્ગ-૩)ની જગ્યાએ સીધી ભરતી/બઢતીથી નિમણૂંક મેળવવા નિયમો Head Teacher, Class-III, in Directorate of Primary Education, District Primary Education committees and Municipal Primary Education Committee Recruitment Rules, 2016 બનાવવામાં આવેલા હોઇ, તેને ધ્યાને લઇ, પ્રાથમિક શાળાઓમાં મુખ્ય શિક્ષક (Head Teacher) માટેની અભિયોગ્યતા કસોટી માટે નીચે મુજબના નિયમો ઠરાવવામાં આવે છેઃ

(૧) <u>ઉમેદવારની યોગ્યતા :</u>

શિક્ષણ વિભાગ દ્વારા વંચાણે લીધેલ ક્રમાંકઃ(૫) ઉપરના જાહેરનામા અન્વયે સીધી ભરતી/બઢતીથી મુખ્ય શિક્ષક થવા માટે નિયત કરેલ અને તેમાં વખતોવખત થતા સુધારા-વધારા મુજબની શૈક્ષણિક લાયકાત અને વંચાણે લીધેલ ક્રમાંકઃ(૩) ઉપરના શિક્ષણ વિભાગના તારીખ ૧૬/૦૫/૨૦૧૨ના ઠરાવ અન્વયે અનુભવ અને અન્ય જોગવાઇ/શરતો પરિપૂર્ણ કરતા ઉમેદવારો જ મુખ્ય શિક્ષક અભિયોગ્યતા કસોટીમાં ઉપસ્થિત થઇ શકશે.

(૨) <u>મુખ્ય શિક્ષક અભિયોગ્યતા કસોટી અને કસોટી રચનાનું માળખું અને વિષય-વસ્તુ :</u>

(ક) મુખ્ય શિક્ષક અભિયોગ્યતા કસોટી અંગેની તમામ કસોટીઓ બહુવિકલ્પ સ્વરૂપની અને વિવિધ હેતુલક્ષી સ્વરૂપ (Multiple Choice Question Based – MCQ's) રહેશે. દરેક પ્રશ્ન એક ગુણનો રહેશે. દરેક પ્રશ્નના ઉત્તરમાં ચાર વિકલ્પ રહેશે. જેમાંથી સાચો વિકલ્પ પસંદ કરવાનો રહેશે. પરીક્ષાની પધ્ધતિ ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર નક્કી કરશે.

(ખ) મુખ્ય શિક્ષક અભિયોગ્યતા કસોટીના મૂલ્યાંકનમાં કોઈ નકારાત્મક ગુણાંકન (Negative Marking) રહેશે નહી. જે તે વિષયની લાયકાત અને અનુભવ ધરાવતા ઉત્તમ તજજ્ઞો દ્વારા ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા સંપૂર્ણ ગોપનીયતા જાળવીને પ્રશ્નપત્રો તૈયાર કરવાના રહેશે. તે માટેના અલાયદા નીતિ નિયમો અને સૂચનાઓ તથા માર્ગદર્શક બાબતો અંગેની સાહિત્ય સામગ્રી અને પરીક્ષા લેવા અંગેનું જાહેરનામુ ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા તૈયાર કરીને પ્રચાર અને પ્રસાર કરવાનો રહેશે.

(૩) <u>પરીક્ષા ફી :</u>

ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર વખતોવખત નક્કી કરે તે મુજબ રહેશે.

(૪) <u>મુખ્ય શિક્ષક અભિયોગ્યતા કસોટી/પરીક્ષા :</u>

ગુજરાત રાજ્યમાં આવેલ પ્રાથમિક શાળામાં બઢતી કે સીધી ભરતીથી મુખ્ય શિક્ષક તરીકે નિમણૂંક મેળવવા માટે નીચે પ્રમાણેની પરીક્ષા લેવામાં આવશે.

I. પ્રાથમિક શાળામાં બઢતી કે સીધી ભરતીથી મુખ્ય શિક્ષક થવા આ પરીક્ષા પાસ કરવાની રહેશે.

(ક) વિવિધ હેતુલક્ષી કુલ ૧૫૦ પ્રશ્નો રહેશે અને તેનો સમય સળંગ ૧૨૦ મીનીટનો રહેશે. દરેક પ્રશ્નનો ૧(એક) ગુણ હશે.

(ખ) મુખ્ય શિક્ષક અભિયોગ્યતા કસોટી બે વિભાગમાં લેવામાં આવશે. દરેક વિભાગમાં ૭૫-૭૫ ગુણનાં પ્રશ્નો રહેશે.

(ગ) મુખ્ય શિક્ષક અભિયોગ્યતા કસોટીનાં તમામ વિભાગ અને તમામ પ્રશ્નો ફરજિયાત રહેશે.

(ઘ) બન્ને વિભાગોનું એક જ પેપર રહેશે.

II. <u>વિભાગ – ૧</u> <u>(૭૫- ગુણ)</u>

મુખ્ય શિક્ષક અભિયોગ્યતા કસોટીના વિભાગ-૧ના ત્રણ પેટા વિભાગ નક્કી કરવામાં આવેલ છે.

<u>(ક) સામાન્ય જ્ઞાનને લગતા પ્રશ્નો :</u>

– ભારતીય બંધારણ, મૂળભૂત હક્કો અને ફરજો
– રાજનીતિ અને શાસનતંત્ર(રાજ્ય અને દેશ), પ્રવાહો અને માળખું.
– ગણિત, ઈતિહાસ, ભૂગોળ, વિજ્ઞાન અને ટેક્નોલોજી, પર્યાવરણ.
– ખેલ-કુદ અને રમતો
– સંગીત અને કલા
– રાઇટ ટુ ઈન્ફર્મેશન એક્ટ-૨૦૦૫ (આર.ટી.આઇ.)
– ધ રાઈટ ઓફ ચિલ્ડ્રન ટુ ફ્રી એન્ડ કમ્પલસરી એજ્યુકેશન એક્ટ-૨૦૦૯ (આર.ટી.ઈ.)
– મહાન વિભૂતિઓ (દેશ), વર્તમાન પ્રવાહો અને આનુષાંગિક બાબતો.

(ખ) વહીવટી સંચાલન :

- ગુજરાત સરકારના શિક્ષણ વિભાગનુ માળખુ અને તેની કચેરીઓનું કાર્ય તેમજ આંતર સબંધો (ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગુજરાત રાજ્ય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ, ગુજરાત રાજ્ય શૈક્ષણિક ટેક્નોલોજી ભવન, જિલ્લા શિક્ષણ સમિતિ, નગર શિક્ષણ સમિતિ, જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી)
- ગુજરાત પ્રાથમિક શિક્ષણ અધિનિયમ-૧૯૪૭
- ગુજરાત પ્રાથમિક શિક્ષણ નિયમો-૧૯૪૯
- ગુજરાત શૈક્ષણિક સંસ્થા (નિયમન) અધિનિયમ-૧૯૮૪
- ગુજરાત શૈક્ષણિક સંસ્થા (પૂર્વ-પ્રાથમિક અને પ્રાથમિક શિક્ષક તાલીમ કોલેજ) નિયમો-૧૯૮૪
- નેશનલ કાઉન્સીલ ફોર ટીચર એજ્યુકેશન એક્ટ-૧૯૯૩,
- શિક્ષણ પંચો અને શિક્ષણ નીતિ, શિક્ષણમાં નૂતન પ્રવાહો, શિક્ષણ સુધારણા અને પહેલ (રાજ્ય અને દેશ કક્ષાએ)
- રાષ્ટ્રીય અભ્યાસક્રમ પરિચર્યા -૨૦૦૫
- શિક્ષણ ક્ષેત્રે કાર્યરત રાજ્ય અને રાષ્ટ્રીય સંસ્થાઓનું માળખુ અને કાર્યો (એન.સી.ઈ.આર.ટી., નુપા, એન.સી.ટી.ઈ., સી.બી.એસ.ઈ.)
- શીખવવાના કૌશલ્યો, શિક્ષણમાં ટેક્નોલોજીનો ઉપયોગ
- શિક્ષણમાં નવિનીકરણ લાવવાની આવડત
- આચાર્યનું માનસિક સ્વાસ્થ્ય
- શિક્ષણમાં નવિન પ્રવિધિઓનું જ્ઞાન અને અમલીકરણ
- ક્રિયાત્મક સંશોધન.
- સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન
- સ્કૂલ મેનેજમેન્ટ કમિટિ અને આનુષાંગિક તમામ બાબતો

શાળાકીય નેતૃત્વ :

- શાળા સંચાલનના મૂળ સિદ્ધાંતો
- વ્યવસ્થાપનનાં કાર્યો અને ફરજો
- પ્રેરણા, માહિતીનું વિશ્લેષણ અને અર્થઘટન
- નેતૃત્વના ગુણો

(ગ) મેથડોલોજી અને એજ્યુકેશન સાયકોલોજી

- રીઝનીંગ એબીલીટી અને લોજીકલ રીઝનીંગ, ડેટા ઈન્ટરપ્રિટેશન સાથે.

III વિભાગ – ૨ (૭૫- ગુણ)

આ વિભાગમાં પ્રાથમિક શાળામાં ધોરણ-૧ થી ૮ના અભ્યાસક્રમ આધારિત પ્રશ્નોનો સમાવેશ કરવામાં આવશે પરંતુ તેનું કઠિનતા મૂલ્ય અને સંબંધ માધ્યમિક શિક્ષણ (ધો.૯ અને ધો.૧૦) પ્રમાણે રહેશે પરંતુ દરેક વિષયનો ગુણ ભારાંક સમાન રહે તે જરૂરી નથી.

(૫) <u>મુખ્ય શિક્ષક અભિયોગ્યતા કસોટીમાં પસંદગી પામવાના ધોરણો :</u>

(ક) મુખ્ય શિક્ષક અભિયોગ્યતા કસોટીમાં બન્ને વિભાગના સંયુક્ત રીતે મળી કુલ ૬૦ (સાઇઠ) ટકા ગુણ મેળવેલ હશે તો જ પાસ ગણાશે.

(ખ) અનુસૂચિત જાતિ/ અનુસૂચિત જનજાતિ/ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને વિકલાંગ ઉમેદવારના કિસ્સામાં મુખ્ય શિક્ષક અભિયોગ્યતા કસોટી ૫૫ ટકા મેળવીને ઉત્તીર્ણ કરવાની રહેશે.

(૬) આ પરીક્ષા પાસ કરવાનું સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ દ્વારા સંચાલિત (જિલ્લા/નગર શિક્ષણ સમિતિ) અને અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળામાં મુખ્ય શિક્ષકની પસંદગી માટે ફરજિયાત રહેશે.

(૭) (ક) મુખ્ય શિક્ષક અભિયોગ્યતા કસોટીના પ્રમાણપત્રની માન્યતા અવધિ પાંચ વર્ષની રહેશે. પરંતુ આ કસોટી આપવા માટે પ્રયત્નોની સંખ્યા નિયત કરવામાં આવતી નથી. એક વખત આ અભિયોગ્યતા કસોટી આપ્યા પછી ઉમેદવાર પોતાની ગુણાત્મક સુધારણા અને સારા ગુણાંકન માટે એક કરતા વધારે વખત પરીક્ષા આપી શકશે. અને તેવી સ્થિતિમાં ઉમેદવાર મુખ્ય શિક્ષકની ભરતી માટે HTATની પરીક્ષા પાસ કર્યાનું જે પ્રમાણપત્ર રજૂ કરશે તે ધ્યાને લેવામાં આવશે.

(ખ) બઢતીથી મુખ્ય શિક્ષક બનવા માટે મુખ્ય શિક્ષક અભિયોગ્યતા કસોટી (HTAT) એક વખત પાસ કરવાની રહેશે. તેમાં પાંચ વર્ષની અવધિ લાગુ પડશે નહી.

(ગ) આ પરીક્ષા જરૂરી લાયકાત માટેની છે, તેનાથી મુખ્ય શિક્ષક તરીકે પસંદગી માટેનો હક્ક મળતો નથી.

(૮) દરેક સફળ ઉમેદવારને ગુણાંકન સાથેનું પ્રમાણપત્ર ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા આપવામાં આવશે. જેમાં ઉમેદવારનું નામ, પરીક્ષા કેન્દ્રનું નામ અને કોડ નંબર, ઉમેદવારની જન્મ તારીખ, કસોટી આપ્યાનો માસ અને વર્ષ તેમજ બન્ને વિભાગમાં મેળવેલ ગુણ અને ટકા છાપવાના રહેશે.

(૯) મુખ્ય શિક્ષક અભિયોગ્યતા કસોટી માટે ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા આવેદનપત્ર મંગાવવામાં આવે અને તેમાં જે માહિતી માંગેલ હોય તે માહિતીની વિગતો છૂપાવવામાં આવી હોય અથવા ખોટી માહિતી આપવાનું રાજ્ય પરીક્ષા બોર્ડને માલુમ પડશે તો તેવા ઉમેદવારના પરિણામ રદ કરવાનો નિર્ણય અધ્યક્ષશ્રી, રાજ્ય પરીક્ષા બોર્ડ લેશે.

(૧૦) મુખ્ય શિક્ષક અભિયોગ્યતા કસોટી (HTAT) નું આયોજન રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા કરવામાં આવશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વિ. ટી. મંડોરા)
નાયબ સચિવ,
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન.નાયબ મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- તમામ માન.મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓ/માન.સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રી(ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ)ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી, ગુજરાત રાજય,ગાંધીનગર
- કમિશ્નરશ્રી, ટેકનીકલ શિક્ષણની કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગર
- કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગર
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગર
- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેકટરશ્રી, સર્વ શિક્ષા અભિયાનની કચેરી, સેકટર-૧૭,ગાંધીનગર
- સચિવશ્રી, રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત મા.અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ
- તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ
- સર્વે શાસનાધિકારીશ્રીઓ
- તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ

} નિયામકશ્રી, પ્રા.શિ.ની કચેરી મારફત.

- પગાર અને હિસાબ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગુજરાત રાજય,ગાંધીનગર.
- પ્રમુખશ્રી, ગુજરાત પ્રાથમિક શિક્ષણ સંઘ, ગુજરાત રાજય,, ગાંધીનગર.
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
  (ઠરાવની નકલ વિભાગની વેબસાઇટ ઉપર મુકવા માટે)
- સિલેક્ટ ફાઇલ